Adhyashakti Aarti
(Gujrati Aarti)

જય આદ્યાશક્તિ માઁ જય આદ્યાશક્તિ

જય આદ્યશક્તિ મા જય આદ્યા શક્તિ
અખંડ બ્રહ્માંડ દીપાવ્યા, અખંડ બ્રહ્માંડ દીપાવ્યા પડવે પ્રગટ્યા મા
ૐ જય ૐ ... જય ૐ માઁ જગદંબે

દ્વિતીયા બેય સ્વરૂપ, શિવશક્તિ જાણું મા, શિવશક્તિ જાણું
બ્રહ્મા ગણપતિ ગાએ, બ્રહ્મા ગણપતિ ગાએ, હર ગાએ હર મા
ૐ જય ૐ ... જય ૐ માઁ જગદંબે

તૃતીયા ત્રણ સ્વરુપ, ત્રિભુવનમાં બેઠાં, મા ત્રિભુવનમાં બેઠાં
ત્રયા થકી તરવેણી, ત્રયા થકી તરવેણી, તું તરવેણી મા
ૐ જય ૐ ... જય ૐ માઁ જગદંબે

ચોથે ચતુરા મહાલક્ષ્મી, મા સચરાચર વ્યાપ્યા, મા સચરાચર વ્યાપ્યા
ચાર ભુજા ચૌ દિશા, ચાર ભુજા ચૌ દિશા, પ્રગટ્યા દક્ષિણમાં
ૐ જય ૐ ... જય ૐ માઁ જગદંબે

પંચમી પંચ ઋષિ, પંચમી ગુણ પદ્મા, મા પંચમી ગુણ પદ્મા
પંચ સહસ્ત્ર ત્યાં સોહીએ, પંચ સહસ્ત્ર ત્યાં સોહીએ, પંચે તત્વો મા
ૐ જય ૐ ... જય ૐ માઁ જગદંબે

ષષ્ઠી તું નારાયણી, મહિષાસુર માર્યો, મા મહિસાસુર માર્યો
નર-નારીના રુપે, નર-નારીના રૂપે, વ્યાપ્યા સઘળે મા
ૐ જય ૐ ... જય ૐ માઁ જગદંબે

સપ્તમી સપ્ત પાતાળ, સંધ્યા સાવિત્રી, મા સંધ્યા સાવિત્રી
ગૌ ગંગા ગાયત્રી, ગૌ ગંગા ગાયત્રી, ગૌરી ગિરિજા મા
ૐ જય ૐ ... જય ૐ માઁ જગદંબે

અષ્ટમી અષ્ટ ભુજા, આઇ આનંદા, મા આઇ આનંદા
સુનીવર મુનીવર જન્મ્યા, સુનીવર મુનીવર જન્મ્યા, દેવ દૈત્યો મા
ૐ જય ૐ ... જય ૐ માઁ જગદંબે

નવમી નવકુળ નાગ, સેવે નવદુર્ગા, મા સેવે નવદુર્ગા
નવરાત્રીના પૂજન, શિવરાત્રીના અર્ચન, કીધાં હરબ્રહ્મા
ૐ જય ૐ ... જય ૐ માઁ જગદંબે

દશમી દશ અવતાર, જય વિજયા દશમી, મા જય વિજયા દશમી
રામે રામ રમાડ્યા, રામે રામ રમાડ્યા, રાવણ રોળ્યો મા
ૐ જય ૐ ... જય ૐ માઁ જગદંબે

એકાદશી અગીયારસ, કાત્યાયની કામા, મા કાત્યાયની કામા
કામ દુર્ગા કાલિકા, કામ દુર્ગા કાલિકા, શ્યામા ને રામા
ૐ જય ૐ ... જય ૐ માઁ જગદંબે

જય આદ્યાશક્તિ માઁ જય આદ્યાશક્તિ

બારસે બાળા રૂપ, બહુચરી અંબામા, મા બહુચરી અંબામા
બટુક ભૈરવ સોહીએ, કાળ ભૈરવ સોહીએ, તારા છે તુજમા
ૐ જય ૐ … જય ૐ માઁ જગદંબે

તેરસે તુળજારૂપ, તું તારુણી માતા, મા તારુણી માતા
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ, બ્રહ્મા વિષ્ણુ સદાશિવ, ગુણ તારા ગાતાં
ૐ જય ૐ … જય ૐ માઁ જગદંબે

ચૌદશે ચૌદા રૂપ, ચંડી ચામુંડા, મા ચંડી ચામુંડા
ભાવ ભક્તિ કાંઇ આપો, ચતુરાઇ કાંઇ આપો, સિંહ-વાહની મા
ૐ જય ૐ … જય ૐ માઁ જગદંબે

પુનમે કુંભ ભર્યો, સાંભળજો કરુણા, મા સાંભળજો કરુણા
વશિષ્ટદેવે વખાણ્યા, માર્કંડમુનિએ વખાણ્યા, મા ગાઇ શુભ કવિતા
ૐ જય ૐ … જય ૐ માઁ જગદંબે

સંવત સોળ સતાવન, સોળશે બાવીસમા, મા સોળશે બાવીસમા
સંવત સોળે પ્રકટ્યા, સંવત સોળે પ્રકટ્યા, રેવાને તીરે, મા ગંગાને તીરે
ૐ જય ૐ … જય ૐ માઁ જગદંબે

ત્રંબાવટી નગરી, આઇ રૂપાવટી નગરી, મા મંછાવટી નગરી
સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ, સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ, ક્ષમા કરો ગૌરી, મા દયા કરો ગૌરી
ૐ જય ૐ … જય ૐ માઁ જગદંબે

એકમે એક સ્વરૂપ, અંતર નવ ધરશો, મા અંતર નવ ધરશો
ભોળા ભવાનીને ભજતાં, ભોળા ભવાનીને ભજતાં, ભવસાગર તરશો
ૐ જય ૐ … જય ૐ માઁ જગદંબે

ભાવ ના જાણું ભક્તિ ના જાણું, ના જાણુ સેવા, મા ના જાણુ સેવા
વલ્લભ ભટ્ટને રાખ્યા, વલ્લભ ભટ્ટને રાખ્યા, શરણે સુખ દેવા
ૐ જય ૐ … જય ૐ માઁ જગદંબે

શિવશક્તિની આરતી, જે કોઇ ગાશે, મા જે ભાવે ગાશે
ભણે શિવાનંદ સ્વામી, ભણે શિવાનંદ સ્વામી, સુખ સંપતિ થાશે, હર કૈલાસે જાશે, મા અંબા દુઃખ હરશે
ૐ જય ૐ … જય ૐ માઁ જગદંબે

મા નો મંડપ લાલ ગુલાલ શોભા બહુ સારી … મા શોભા બહુ સારી,
અબીલ ઉડે આનંદે, ગુલાલ ઉડે આનંદે, જય બહુચર વાળી
ૐ જય ૐ … જય ૐ માઁ જગદંબે

મા ની ચુંદડી લાલ ગુલાલ શોભા બહુ સારી, મા શોભા બહુ સારી,
આંગણ કુકડ નાચે, આંગણ કુકડ બોલે, જય બહુચર વાળી
ૐ જય ૐ … જય ૐ માઁ જગદંબે

उत्सव
भक्तीचा
जागर शक्तीचा !

केवळ
अप्रतिम!